સાયખાની કંપનીમાં વિસ્ફોટ થતાં આગ, 3નાં મોત, 24 ઈજાગ્રસ્ત

મધરાત્રે બોઇલરમાં બ્લાસ્ટ થતાં સમગ્ર વિસ્તાર ધણધણી ઊઠ્યો

આજુબાજુની કંપનીઓને પણ નુકસાન, ઘાયલોને હોસ્પિટલ ખસેડાયા

ભરૂચઃ વાગરાના સાયખા GIDCમાં મોડી રાત્રે બનેલી બોઇલર બ્લાસ્ટની દુર્ઘટનામાં ત્રણ વ્યક્તિનાં મોત નીપજ્યાં હતાં. તેમજ 24 જેટલા કર્મચારી ઈજાગ્રસ્ત થતાં તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

સાયખા GIDCમાં આવેલી વિશાલ ફાર્મા નામની કંપનીમાં મોડી રાત્રે લગભગ 2.30 વાગ્યાની આસપાસ કંપનીનું બોઈલર ફાટતાં સર્જાયેલા પ્રચંડ ધડાકાને કારણે ત્રણ મૃતદેહ મળી આવ્યા છે. ત્રણ મૃતક પૈકીના મનીષકુમાર, ધર્મેન્દ્ર અને સૂરજનો સમાવેશ થાય છે. ઉપરાંત 24 જેટલા કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા છે, જેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બ્લાસ્ટની તીવ્રતા એટલી ભયાનક હતી કે, આસપાસનો આખો વિસ્તાર ધણધણી ઊઠ્યો હતો. બ્લાસ્ટની અસર માત્ર વિશાલ ફાર્મા કંપની પૂરતી મર્યાદિત ન રહેતાં આસપાસની 4થી 5 જેટલી અન્ય કંપનીઓના સ્ટ્રક્ચર્સને પણ વ્યાપક નુકસાન થયું છે. ઘટનાની જાણ થતાં જ ચારથી પાંચ જેટલા ફાયર ટેન્ડરો સાથે ફાયર વિભાગ અને વહીવટી અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. હાલમાં પણ ઘટના સ્થળે બચાવ અને રાહતની કામગીરી ચાલી રહી છે.

'તંત્ર કોઈ કાર્યવાહી ન કરે તો અમે ઉગ્ર આંદોલન કરીશું: સરપંચ જયવીરસિંહ

સાયખા ગામના સરપંચ જયવીરસિંહ રાજે વહીવટી તંત્ર અને GPCB પર ગંભીર આક્ષેપો સાથે જણાવ્યું હતું કે, આ જોખમી કંપની કોઈપણ જાતની મંજૂરી વગર જ ધમધમી રહી હતી. તેમ છતાં GPCB કે વહીવટી તંત્ર દ્વારા કોઈ જ ધ્યાન આપવામાં આવતું નથી. વધુમાં GIDCની મોટા ભાગની કંપનીઓમાં નિયમોનું ઉલ્લંઘન કરીને રેસિડેન્સીયલ બાંધકામ કરવામાં આવ્યું છે. જો તેમનું ચાલશે તો તંત્ર દ્વારા કોઈ પગલાં નહીં લે. પણ આ મુદ્દે અમે ઉગ્ર આંદોલન કરીશું. આ મુદ્દે તળિયાઝાટક તપાસની માંગ પણ કરી છે.

ટોલ્વીનની કામગીરી દરમિયાન બ્લાસ્ટ થયો: સેફ્ટી એન્ડ હેલ્થ અધિકારી

ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થના અધિકારી દિનેશ ગામીતે કહ્યું કે, કંપનીમાં રાત્રિના ટોલ્વીનની કામગીરી ચાલી રહી હતી, તે સમયે રાત્રિ બ્લાસ્ટ થયો હતો, જેમાં ત્રણ ટન જેટલું ટોલ્વીન હતું. અમે ઘટના બન્યા બાદ રાત્રિના જ ઘટના સ્થળે પહોંચી હાલમાં તપાસ કરી રહ્યા છે.

પુણાગામના રત્નકલાકારને હોસ્પિટલમાં જ હાર્ટએટેક

સુરતઃ પુણા વિસ્તારમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં રિપોર્ટ લેવા ગયેલા રત્નકલાકારનું હોસ્પિટલમાં એકાએક બેભાન થઈ ગયા બાદ મોત નિપજ્યું હતું. યુવકનું હાર્ટએટેકથી મોત નીપજ્યું હોવાની શક્યતા છે.

સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના બોરડીગામના વતની અને હાલમાં પુણાગામ અર્ચના સ્કૂલ પાસે આવેલી હરિધામ સોસાયટીમાં રહેતા 33 વર્ષીય ઘનશ્યામભાઈ કરશનભાઈ વાળા રત્નકલાકાર તરીકે કામ કરી પત્ની અને બે પુત્રી સહિતના પરિવાર સાથે રહેતા હતા. ઘનશ્યામભાઈને કમર તથા શરીરના અલગ-અલગ ભાગમાં દુખાવો થતો હોવાથી ખાનગી હોસ્પિટલમાં ટેસ્ટિંગ કરાવ્યું હતું. દરમિયાન બુધવારે બપોરે ઘનશ્યામભાઈ રિપોર્ટ લેવા માટે હોસ્પિટલમાં ગયા હતા. દરમિયાન ત્યાં જ એકાએક બેભાન થઈ ઢળી પડ્યા હતા. જેથી તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડાયા બાદ વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા. ઘનશ્યામભાઈનું હાર્ટએટેકથી મોત નીપજ્યું હોવાની શક્યતા છે. આ અંગે વધુ તપાસ પુણા પોલીસ કરી રહી છે.

બિહારમાં ફરી એક વાર મોદી અને નીતીશનું કોમ્બિનેશન હિટ પુરવાર થશે

બિહાર વિધાનસભા ચૂંટણી માટે મતદાન મંગળવારે પૂર્ણ થયું છે. આ મતદાનનો બીજો તબક્કો હતો, જેમાં પ્રથમ તબક્કો ૬ નવેમ્બરે યોજાયો હતો. ચૂંટણીનાં પરિણામો ૧૪ નવેમ્બરે જાહેર કરવામાં આવશે. આ ચૂંટણી બે ગઠબંધન વચ્ચે એક મહત્ત્વપૂર્ણ સ્પર્ધા હતી. શાસક NDA અને મહાગઠબંધન. ત્રીજો પક્ષ જન સૂરજ પણ પહેલી વાર ચૂંટણી લડી રહ્યો છે. બિહારમાં કુલ ૨૪૩ વિધાનસભા બેઠકો છે અને સરકાર બનાવવા માટે કોઈ પણ પક્ષ કે ગઠબંધન પાસે ૧૨૨ બેઠકો હોવી જરૂરી છે. મતદાનના બંને તબક્કા પછી વિવિધ એક્ઝિટ પોલ આવવા લાગ્યા છે અને લગભગ તમામ એક્ઝિટ પોલમાં NDA ગઠબંધનને સંપૂર્ણ બહુમતી આપવામાં આવી છે. આ સંભવિત બહુમતીનું શ્રેય જેટલું નીતીશકુમારને જાય છે, તેટલું મોદીને પણ જાય છે.

એનડીએ ગઠબંધનમાં પાંચ પક્ષોનો સમાવેશ થાય છે. ભાજપ અને જેડીયુ 243 બેઠકોવાળી બિહાર વિધાનસભામાં ૧૦૧-૧૦૧ બેઠકો પર ચૂંટણી લડી રહ્યા છે. જ્યારે લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) ૨૯ બેઠકો પર અને રાષ્ટ્રીય લોક મોરચા (RLM) અને હિન્દુસ્તાની અવમ મોરચા (HAM) ૬-૬ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. દરમિયાન, રાષ્ટ્રીય જનતા દળ, કોંગ્રેસ, સીપીઆઈ (એમએલ), સીપીઆઈ અને વિકાસશીલ ઇન્સાન પાર્ટી (વીઆઈપી) ના બનેલા મહાગઠબંધમાં આરજેડી ૧૪૩ બેઠકો પર, કોંગ્રેસ ૬૧ બેઠકો પર, સીપીઆઈએમએલ ૨૦ બેઠકો પર, વીઆઈપી ૧૩ બેઠકો પર, સીપીઆઈ(એમ) ૪ બેઠકો પર અને સીપીઆઈ ૯ બેઠકો પર ચૂંટણી લડી રહી છે.

મેટ્રિસીસ-આઈએએનએસ એક્ઝિટ પોલમાં એનડીએને ૧૪૭-૧૬૭ બેઠકો, મહાગઠબંધનને ૭૦-૯૦ બેઠકો અને અન્યને ૨-૬ બેઠકો મળવાની આગાહી કરવામાં આવી છે. આમાં ભાજપને ૬૫-૭૩ બેઠકો, JDU ને ૬૭-૭૫ બેઠકો, LJP (R) ને ૭-૦ બેઠકો, HAM ને ૪-૫ બેઠકો અને RLM ને ૧-૨ બેઠકો આપવામાં આવી છે. મહાગઠબંધનમાં RJD ને ૫૩-૫૮ બેઠકો, કોંગ્રેસને ૧૦-૧૨ બેઠકો, VIP ને ૧-૪ બેઠકો અને ડાબેરી પક્ષોને ૯-૧૪ બેઠકો આપવામાં આવી છે. આ એક્ઝિટ પોલ મુજબ NDA ને ૪૮ ટકા અને મહાગઠબંધનને ૩૭ ટકા મત મળી શકે છે. ચાણક્ય સ્ટ્રેટેજીના એક્ઝિટ પોલમાં NDA ને ૧૩૦-૧૩૮ બેઠકો, મહાગઠબંધનને ૧૦૦-૧૦૮ બેઠકો અને અન્યને ૩-૫ બેઠકો મળવાની ધારણા છે. પીપલ્સ પલ્સ એક્ઝિટ પોલમાં, NDA ને ૧૩૩-૧૫૯ બેઠકો, ગ્રાન્ડ એલાયન્સને ૭૫-૧૦૧, જન સૂરજને ૦-૫ અને અન્ય પક્ષોને ૨-૮ બેઠકો મળવાનો અંદાજ છે. પીપલ્સ ઇનસાઇટના એક્ઝિટ પોલમાં NDA ગઠબંધનને ૧૩૩-૧૪૮ બેઠકો અને મહાગઠબંધનને ૮૭-૧૦૨ બેઠકો પર વિજય મળવાની આગાહી કરવામાં આવી છે. પોલ ડાયરીના એક્ઝિટ પોલમાં NDA ગઠબંધનને ૧૮૪-૨૦૯ બેઠકો, મહાગઠબંધનને ૩૨-૪૯ બેઠકો અને અન્ય પક્ષોને ૧-૫ બેઠકો મળવાની આગાહી કરવામાં આવી છે. પોલસ્ટ્રેટ એક્ઝિટ પોલમાં, NDA ને ૧૩૩-૧૪૮ બેઠકો અને મહાગઠબંધનને ૮૭-૧૦૨ બેઠકો આપવામાં આવી છે. પી-માર્કના એક્ઝિટ પોલમાં, NDA ગઠબંધનને ૧૪૨-૧૬૨ બેઠકો અને મહાગઠબંધનને ૮૦-૯૮ બેઠકો આપવામાં આવી છે. ડીવી રિસર્ચના એક્ઝિટ પોલમાં, એનડીએ ગઠબંધનને ૧૩૭-૧૫૨ બેઠકો, મહાગઠબંધનને ૮૩-૯૮ બેઠકો અને જન સૂરજને ૨-૪ બેઠકો મળવાની ધારણા છે. JVC એક્ઝિટ પોલમાં NDA ગઠબંધનને ૧૩૫-૧૫૦ બેઠકો, મહાગઠબંધનને ૮૮-૧૦૩ બેઠકો અને અન્ય પક્ષોને ૩-૭ બેઠકો મળવાનો અંદાજ છે.

જ્યારે પણ બિહારની ચૂંટણીઓની ચર્ચા થાય છે, ત્યારે ચર્ચાનો સૌથી સામાન્ય વિષય MY સમીકરણ હોય છે. M એટલે મુસ્લિમ અને Y એટલે યાદવ. આ વખતે, MY સમીકરણ પાછલી ચૂંટણીઓ કરતાં અલગ છે. આ વખતે, M એટલે મહિલાઓ અને Y એટલે યુવા. આ ચૂંટણી આ સમીકરણની આસપાસ ફરશે. બિહારમાં આ વોટબેંક માટે સૌથી ભીષણ લડાઈ ચાલી રહી છે. નિષ્ણાતો માને છે કે આ બિહારની ચૂંટણી ઘણી રીતે પાછલી ચૂંટણીઓ કરતાં અલગ હશે. સી-વોટરના સ્થાપક અને ચૂંટણીવિશ્લેષક યશવંત દેશમુખ કહે છે કે જ્યારે મુખ્યમંત્રી નીતીશકુમારે મહિલાઓ માટે યોજનાઓ લાગુ કરી, ત્યારે ઘણાં લોકોએ તેમની તુલના અન્ય રાજ્યોની યોજનાઓ સાથે કરવાનો પ્રયાસ કર્યો. જો કે, તેમાં નોંધપાત્ર તફાવત છે. નીતીશકુમાર ભારતના પહેલા નેતા અને મુખ્યમંત્રી છે જેમણે કેન્દ્રમાં મહિલાઓ સાથે યોજનાઓ શરૂ કરી અને અમલમાં મૂકી. મહિલા મતદારો સાથે નીતીશકુમારનું જોડાણ અન્ય તમામ નેતાઓ કરતાં અલગ છે. ૨૦ થી ૨૫ વર્ષ પહેલાં, જ્યારે તેમણે શાળાની છોકરીઓને સાયકલ, ગણવેશ, શિષ્યવૃત્તિનું વિતરણ કર્યું હતું, ત્યારે તેમણે તેમના જીવનમાં મોટો ફેરફાર લાવ્યા હતા. ૨૦ વર્ષ પછી, તે છોકરીઓ સક્રિય મતદાતા છે. તેમના ખાતામાં પૈસા આવતાં ભાવનાત્મક જોડાણ વધુ ગાઢ બન્યું છે. યશવંત દેશમુખ માને છે કે આ યોજનાને કારણે, આ ચૂંટણીમાં મતદાન દરમિયાન જોવા મળતો લિંગ તફાવત પહેલાં કરતાં વધુ મોટો હશે. આનો સામનો કરવા માટે, તેઓ કહે છે કે, તેજસ્વી યાદવે દરેક ઘર માટે સરકારી નોકરીઓનું વચન આપતી યોજના લાવી છે. બિહારના યુવાનો પર આની કેટલી અસર પડશે તે જોવાનું બાકી છે, પરંતુ પાંચ વર્ષ પહેલાં તેની મજબૂત અસર પડી હતી.

પાંચ વર્ષ પહેલાં બેરોજગારી સૌથી મોટો મુદ્દો હતો અને તેજસ્વી યાદવે છેલ્લાં છ અઠવાડિયાંમાં જે રીતે આ મુદ્દા પર પ્રચાર કર્યો તેનાથી તેમનો ગ્રાફ વધ્યો હતો. આ વખતે ચૂંટણીનું વાતાવરણ પણ એવું જ દેખાય છે. એક તરફ મહિલાઓ માટે યોજનાઓ છે અને બીજી તરફ સરકારી નોકરીઓનું વચન છે. આ નવું MY સમીકરણ જૂના MY સમીકરણ કરતાં વધુ વજન ધરાવશે. બિહાર ચૂંટણીમાં જાતિ સમીકરણો એક મુખ્ય મુદ્દો છે, તેથી જ મહાગઠબંધન અને એનડીએ બંને આ સમીકરણને સંતુલિત કરવા માટે કામ કરી રહ્યાં છે. ગઠબંધનમાં બેઠકોને લઈને ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે નિષ્ણાતો તેના પર નજર રાખી રહ્યા છે કે કયું ગઠબંધન જાતિ સમીકરણને વધુ સારી રીતે સંતુલિત કરવામાં સક્ષમ છે. પહેલાં નીતીશકુમારે ઘણાં વર્ષોમાં યોજનાઓ અને રાજકીય ભાગીદારી દ્વારા અત્યંત પછાત વર્ગોમાં પોતાનો પ્રભાવ બનાવ્યો છે. બીજું, કુશવાહા અને દલિત સહિત કેટલાક અન્ય સમુદાયો જે NDA સાથે હતા તેઓ પણ ડગમગી રહ્યા છે. રાહુલ અને તેજસ્વીના જોડાવાથી મુસ્લિમ-યાદવ સમીકરણ ફરી મજબૂત બન્યું છે.

આ વખતે બિહાર ચૂંટણીમાં મહિલાઓ અને યુવાનો મુખ્ય પરિબળો બની શકે છે. મહિલાઓ નીતિશકુમાર તરફ ઝુકાવ ધરાવતી દેખાય છે. તેજસ્વી યાદવ અને પ્રશાંત કિશોર આ ચૂંટણીને નીતિશકુમારની છેલ્લી ચૂંટણી કહી રહ્યા છે. હવે પ્રશ્ન એ છે કે NDAનું સમીકરણ શું સૂચવે છે? યશવંત દેશમુખ કહે છે કે નીતીશકુમારના સ્વાસ્થ્ય અને ઉમરને ધ્યાનમાં રાખીને, જો કોઈ કહે કે આ તેમની છેલ્લી ચૂંટણી છે, તો તેમાં કંઈ અસામાન્ય નથી. અમારા ડેટા મુજબ, નીતિશકુમારના લાંબા શાસનથી કંટાળાની લાગણી ચોક્કસપણે છે, પરંતુ જનતા તેમનાથી નારાજ નથી. જંગલરાજના મુદ્દા પર લાંબા સમય સુધી રાજનીતિ કરવામાં આવી હતી, પરંતુ હવે બે તૃતીયાંશ મતદારો તે સમયગાળા પછી જન્મ્યા છે. આવી સ્થિતિમાં, યુવાનોને તે યુગ યાદ નથી, પરંતુ વૃદ્ધો અને મહિલાઓને હજુ પણ તે સમય યાદ છે. આ જૂની વાર્તા છોડીને એક નવું બનાવવા માટેની લડાઈ છે.

પ્રશાંત કિશોર આમાં પોતાની ભૂમિકા ભજવી રહ્યા છે. તે કેટલી બેઠકો જીતશે અને કેટલા મત મેળવશે તે કહેવું મુશ્કેલ છે, પરંતુ અમારા ટ્રેકરે ચોક્કસપણે શોધી કાઢ્યું છે કે છેલ્લા છ મહિનામાં પ્રશાંત કિશોરે જબરદસ્ત ધ્યાન ખેંચ્યું છે. એક સમયે, તેઓ ૨૦ ટકાથી વધુ વસ્તી માટે મુખ્યમંત્રી પદ માટે ટોચની પસંદગી હતા. તેમણે મેળવેલું ધ્યાન મતો અને બેઠકોમાં કેટલું પરિવર્તિત થશે તે જોવાનું બાકી છે. નીતીશકુમાર વિશે કોઈ ગમે તે કહે, બિહારનાં લોકોમાં તેમના પ્રત્યેનો આદર ઓછો થયો નથી. આ તેમની છેલ્લી ચૂંટણી માનવામાં આવે કે ન આવે, તે પ્રચારનો ભાગ હોઈ શકે છે. જ્યારે દ્વિધ્રુવીય લડાઈની વાત આવે છે, ત્યારે નીતીશકુમારનાં ખાતાંમાં ઘણી વસ્તુઓ ઉમેરવામાં આવે છે, પરંતુ તેજસ્વી સાથે આવું થતું હોય તેવું લાગતું નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

લગભગ તમામ એક્ઝિટ પોલમાં NDA ગઠબંધનને સંપૂર્ણ બહુમતી આપવામાં આવી છે. આ સંભવિત બહુમતીનું શ્રેય જેટલું નીતીશ કુમારને જાય છે, તેટલું મોદીને પણ જાય છે

કડોદનાં પિતા-પુત્રીના મૃતદેહ નેપાળથી મુંબઈ પહોંચ્યા

આજે કડોદથી બંનેની અંતિમયાત્રા નીકળશે

સુરત, બારડોલી : નેપાળમાં પર્વતારોહણ માટે ગયેલા બારડોલીનાં પિતા-પુત્રીના મોત બાદ તેમના મૃતદેહ બુધવારે નેપાળના કાઠમંડુથી વિમાન મારફતે મુંબઇ લાવવામાં આવશે. મુંબઇથી રાત્રે શબવાહીની દ્વારા સડક માર્ગે તેમના મૃતદેહ કડોદ લાવવામાં આવી રહ્યા છે. સવારે 9 વાગ્યે તેમના નિવાસ સ્થાનેથી પિતા-પુત્રીની અંતિમયાત્રા નીકળશે.

આ અંગે મળતી માહિતી અનુસાર બારડોલીના કડોદ ગામે રહેતા ટ્યુશન શિક્ષક જિગ્નેશભાઇ લલ્લુભાઈ ભંડારી અને તેમની પુત્રી પ્રિયાંશી ગત 14મી ઓક્ટોબરે નેપાળ ખાતે આવેલો અન્નપૂર્ણા-3 પર્વત સર કરવા માટે રવાના થયા હતા. જો કે, 21મીએ પર્વતની ચડાણ શરૂ કરી હતી અને 31મીએ તેઓ પરત ફરવાના હતા. બાદ તેમનો કોઈ સંપર્ક થઈ ન શકતાં શોધખોળ શરૂ કરી હતી. શોધખોળ બાદ 19 દિવસે તેમના મૃતદેહ બરફમાં દટાયેલા મળી આવ્યા હતા. સ્થાનિક નેતાઓ અને ભારતીય દુતાવાસની મદદથી નેપાળ સરકારે બંને પિતા-પુત્રીના મૃતદેહના પોસ્ટમોર્ટમ બાદ બુધવારે કાઠમંડુ એરપોર્ટથી વિમાન મારફતે મૃતદેહ મુંબઇ રવાના કર્યા હતા. મોડી રાત્રે મૃતદેહ મુંબઇ આવતા પરિવારજનોએ મૃતદેહ મેળવ્યો હતો અને શબવાહીની માટે કડોદ આવવા નીકળી ગયા હતા. ગુરુવારે સવારે 9 વાગ્યે કડોદથી બંને પિતા-પુત્રીની એકસાથે અંતિમયાત્રા કાઢવામાં આવશે.

પાર્ટી ફંડના નામે કરોડોનું કરચોરી કૌભાંડ

ગાંધીનગર સહિત રાજ્યમાં 24 સ્થાન પર આયકરના દરોડા

ગાંધીનગર : ગુજરાતમાં જુદી જુદી રાજકીય પાર્ટીઓને 4300 કરોડનું રાજકીય ફંડ મળ્યુ છે, તેવો એસોસિએશન ઓફ ડેમો. રિફોમ્સ (એડીઆર) દ્વારા તાજેતરમાં એક રિપોર્ટ જાહેર કરાયો હતો. આ ફંડ કોણે આપ્યું તેની રાજયભરમાં ચર્ચા ચાલી રહી છે. જેના પગલે આજે આયકર વિભાગ દ્વારા ગાંધીનગર સહિત રાજયના જુદા જુદા 24 સ્થાનો પર દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ છે. ગાંધીનગરમાં ભારતીય નેશનલ જનતા દળના સંજય વિઠ્ઠલભાઈ ગજેરા સામે દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ છે. જેમાં આયકર વિભાગના અધિકારીઓને રાજકીય દાનના વાંધાજનક દસ્તાવોજો મળી આવ્યા છે. આયકર વિભાગ દ્વારા સંજય ગજેરાના કિસાનનગરના નિવાસસ્થાન , સેકટર-11માં આવેલી ઓફિસ તેમના ડ્રાઈવરના નિવાસસ્થાને પણ દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ છે. આયકરના સુત્રોએ કહ્યું હતું કે, અમદાવાદ ઉપરાંત, સુરત, વડોદરા, રાજકોટ, સહિતનાં શહેરોમાં દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ છે. આ દરોડા દરમ્યાન કરોડોના નાણાકીય વ્યવહારો તથા ટેકસ ચોરીનો ખુલાસો થઈ શકે છે. ચેકથી દાનનાં નામે મોટી રકમ મેળવ્યા બાદ કમિશન કાપીને રોકડ પરત કરીને ટેકસ ચોરીની આ મોડસ ઓપરેન્ડી છે. રાજકીય દાન મેળવીને કરચોરી કરવાનો મોટુ કૌભાંડ ચાલી રહયુ છે. હવે રાજયની કેટલીક નકલી પાર્ટીઓ પણ આયકરના રડારમાં આવી જવા પામી છે. એડીઆરના રિપોર્ટમાં જણાવ્યા અનુસાર 2019-20થી 2023-24 દરમિયાન આ 5 પક્ષોની કુલ આવક 2316 કરોડ છે.

BUSINESS મિત્ર

બિહારની એકઝિટ પોલમાં એનડીએની જીતના અહેવાલથી શેરબજારને વધુ જોશ મળ્યો

નિફ્ટી મિડકેપ ઇન્ડેક્સ અને બેન્ક નિફ્ટીએ નવી ઉંચાઇ હાંસલ કરી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 12: ભારતીય શેરબજારમાં આજે પણ આઇટી શેરોએ આગેવાની લીધી હતી. રશિયા પાસેથી ક્રુડ ઓઇલ ખરીદવાનું બંધ કરી દેવાના પગલે અમેરિકા અને ભારતની ટ્રેડીલની જાહેરાત થવાની તૈયારી હોવાથી રોકાણકારોમાં જોશ આવ્યો હતો અને નવેસરથી ખરીદીનું જોર વધ્યું હતું, એટલું જ નહીં, આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી મિડકેપ ઇન્ડેક્સ અને બેન્ક નિફ્ટીએ નવી ઉંચાઇ હાંસલ કરી હતી.

આજે સેન્સેક્સ 600 પોઇન્ટનો ઉછાળો જોવાયો હતો. નિફ્ટીએ 25900 પોઇન્ટની સપાટી કુદાવી હતી. ભારત-યુએસ ટ્રેડ એગ્રીમેન્ટને વહેલી તકે અંતિમ સ્વરૂપ આપવાના સમાચાર અને બિહાર વિધાનસભા ચૂંટણીના એક્ઝિટ પોલમાં એનડીએની વાપસીની સંભાવનાએ કારણે આજે બજારમાં વ્યાપક ખરીદી જોવાઇ હતી. જેના લીધે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 4.63 લાખ કરોડનો વધારો થયો હતો.

સેકટર વાઇઝ જોઇએ તો આઇટી ઇન્ડેકસ 2.04 ટકા વધ્યો હતો. જ્યારે ઓટો સેક્ટર 1.24 ટકા સુધર્યો હતો. ફાર્મા, હેલ્થકેર અ કન્ઝયુમર ડયુરેબલ્સમાં પણ મજબૂત ખરીદી જોવા મળી હતી. જ્યારે રિયલ્ટી અને મેટલ ઇન્ડેકસ ઘટ્યો હતો.

બીએસઇ સેન્સેક્સ 595.19 પોઇન્ટ એટલે કે 0.71 ટકા વધીને 84466.51 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેકસ 84652 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84166 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 180.85 પોઇન્ટ એટલે કે 0.7 ટકા વધીને 25850 પોઇન્ટની સપાટી કુદાવીને 25875.80 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 25900 પોઇન્ટની સપાટી કુદાવી હતી અને 25934 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે 25781 પોઇન્ટના સ્તર સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 136.50 પોઇન્ટ એટલે કે 0.23 ટકા વધીને 58274.65 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે લોઇડ મેટલ્સ 29.79 ગણા, ક્રિલોસ્કર ઓઇલ એન્જિન 15.47 ગણા, પીઆઇ ઇન્ડ. 15 ગણા, ફોર્ટીસ હેલ્થકેર 14.27 ગણા, બિકાજી ફુડસ 8.2 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ક્રિલોસ્કર ઓઇલ એન્જિન 30.39 ગણા, તેજસ નેટવર્ક 10.65 ગણા, બીએલએસ ઇન્ટર 10.14 ગણા, સેન્ચુરી પ્લાયબોર્ડ 8.28 ગણા અને આવાસ ફાઇ. 7.97 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં મજબૂત જોવાઇ હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.44 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ 0.76 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી. બીએસઇ ખાતે 2505 શેરો વધ્યા હતા અને 1706 શેરો ઘટ્યા હતા અને 170 શેરો યતાવત રહ્યા હતા.

સતત ત્રીજા દિવસે આઇટી શેરો વધ્યા હતા. નિફ્ટી આઇટી ઇન્ડેકસ 2.04 ટકા વધ્યા હતા. જેમાં ટેક મહિન્દ્રા, એલટીઆઇ માઇન્ડ્ટ્રી, ટીસીએસ, ઓરેકલ ફાઇનાન્સીયલ સર્વિસીસ સોફ્ટવેર, એમફાસીસ, પરસીસ્ટન્ટ સીસ્ટમ, કોફોર્જ, એચસીએલ ટેકનો, વિપ્રો અને ઇન્ફોસીસ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં સુધારા સાથે શરૂઆત થઇ હતી. યુકે સરકારના શટડાઉન ટુંકમાં સમાપ્ત થિ શકે છે તેવા આશાવાદ વચ્ચે હકારાત્મક સુધારાની ચાલ આગળ વધી હતી. ઓકટોબરમાં જર્મન ફુગાવો સહેજ ઘટીને 2.3 ટકાનો થયો હતો. શટડાઉન સમાપ્ત થવાના આશાવાદ પાછળ એશિયન બજારો પણ ઉંચા બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.17 ટકા સઘટાડા સાથે ચાલી રહ્યા છે, જ્યારે કેક 1.01 ટકા અને ડેક્સ 1.01 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.33 ટકા, સ્ટ્રેઇટસ 0.58 ટકા, હેંગસેંગ 0.86 ટકા, તાઇવાન 0.58 ટકા, કોસ્પી 1.06 ટકા, જકાર્તા 0.26 ટકાના સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યેર શાંઘાઇ 0.07 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં 7 પૈસાનો ઘટાડો

કરન્સી બજારમાં રૂપિયાનો સુધારો માત્ર એક દિવસ પુરતો સીમિત રહ્યો હતો, આજે ફરીથી ડોલરમાં સુધારાની ચાલ જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો 7 પૈસા ઘટીને 88.64ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 88.57ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 103.05, પાઉન્ડ 116.61, કેનેડિયન ડોલર 63.30, ઓસ્ટ્રેલિયન ડોલર 57.60, જાપાનીઝ યેન 0.5725 અને સીંગાપોર ડોલર 68.17ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	88.63 રૂ.
યુરો	103.05 રૂ.
પાઉન્ડ	116.61 રૂ.
યેન	0.5725 રૂ.

સેન્સેક્સ	595.19	84466.51
નિફ્ટી	180.85	25875.80
બેન્ક નિફ્ટી	136.50	58274.65

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી એન્ટર	4.97	2484.50
એશિયન પેઇન્ટસ	4.24	2769.80
ટેક મહિન્દ્રા	3.42	1456.10
ટીસીએસ	2.78	3131.80
HDFC લાઇફ	2.51	783.10

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાટા સ્ટીલ	1.34	178.61
ટીએમપીવી	1.34	402.15
શ્રીરામ ફાઇ.	1.18	822.50
જએસડબલ્યુ સ્ટીલ	0.81	1181.80
બીઇએલ	0.60	424.75

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એશિયન પેઇન્ટસ	4.46	2773.40
ટેક મહિન્દ્રા	3.34	1456.00
ટીસીએસ	2.73	3131.25
બજાજ ફિનસર્વ	2.42	2035.90
અદાણી પોર્ટસ	2.14	1505.70

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાટા સ્ટીલ	1.30	178.65
ટીએમપીવી	1.28	402.30
બીઇએલ	0.64	424.45
કોટક મહિન્દ્રા બેન્ક	0.29	2081.30
પાવરગ્રીડ	0.26	267.00

ચાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૨૭	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૫૪	૫૦/૩૬ ''	૧૩૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૩૯
૩૦/૩૬ એફડી	૨૬૨	૫૦/૪૮ SD/ક્રેપ	૨૨૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૭૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૩	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૩૧.૫
૬૮/૩૬	૧૨૬	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૨૬	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૪
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	**વેલનોન